વડોદરામાં રાજેન્દ્રભાઈ ત્રિવેદી ફેન કલબ દ્વારા

પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પૂણ્યતિથિએ ૪૪૦૦ લાભાર્થીઓને નાયબ મુખ્યમંત્રીના હસ્તે મા કાર્ડનું વિતરણ

વડોદરા તા. ૧૨

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના મા અને મા વાત્સલ્ય કાર્ડ ધરાવતા તમામ લાભાર્થીઓને આયુષમાન ભારત-પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ સમાવિષ્ટ કરવા માટે ભારત સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજનાના લાભાર્થીઓને અસાધ્ય રોગો માટે રૂપિયા ત્રણ લાખ સુધીની વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. જ્યારે આયુષમાન ભારત-પીએમજય યોજના હેઠળ રૂા. પાંચ લાખની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા તમામ લાભાર્થીઓને આયુષમાન ભારત યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે તો તે અંગેનું જે વધારાનું પ્રીમિયમ ભરવું પડશે તે રાજ્ય સરકાર ભરશે તેમ તેમણે ઉમેર્યું હતુ. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે આજે વડોદરા ખાતે રાવપુરાના ધારાસભ્ય રાજેન્દ્ર ત્રિવેદી ફેન કલબ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પૂણ્યતિથિ નિમિત્તે ભાવાંજલિ રૂપે યોજાયેલ ૪૪૦૦ લાભાર્થીઓને મા કાર્ડનું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, પ્રદેશ ભાજપા અધ્યક્ષ જીતુભાઇ વાઘાણી તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિતરણ કર્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજેન્દ્ર ત્રિવેદી ફેન કલબ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના અંત્યોદયની સેવાના સૂત્રને સાકાર કરવા ફેન કલબ દ્વારા આરોગ્ય તંત્ર અને જિલ્લા પ્રશાસનના સહયોગથી ૪૪૦૦ જેટલા મા કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. અગાઉ ફેન કલબ દ્વારા ૬૦૦૦ જેટલા મા કાર્ડ તૈયાર કરી ગરીબ ઉપયોગી કામ કરવામાં આવ્યું છે. રાવપુરા વિધાનસભા વિભાગમાં ૧૦,૪૦૦ જેટલા લાયક પરિવારો માટે મા કાર્ડસ તૈયાર કરી વિતરણ કરવાનું જનસેવાના ઇતિહાસમાં અભૂતપૂર્વ કામ થયુ છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, આયુષમાન ભારત યોજના હેઠળ સમગ્ર દેશમાં ૧૦ કરોડ પરિવારોની ૫૦ કરોડ ઉપરાંત જનસંખ્યાને આવરી લેવામાં આવી છે. ગુજરાતમાં ૨.૪૪ કરોડ લાભાર્થિઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સમાવી લેવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે, વડોદરા જિલ્લામાં ૨.૯૬ લાખ લાભાર્થીઓને મા કાર્ડ આપવામાં આવ્યા છે. ગંભીર રોગોની સારવાર માટે રાજ્યમાં મા કાર્ડ હેઠળ રૂા. ૧૫૫ કરોડનો ખર્ચ રાજ્ય સરકારે કર્યો છે. આયુષમાન ભારત યોજના હેઠળ વડોદરા જિલ્લામાં ૧.૦૬ લાખ લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતુ. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું કે, શહેરની સયાજી હોસ્પિટલમાં કેન્સરના દરદીઓને આધુનિક સારવાર મળી રહે તે માટે રૂા. ૨૩ કરોડના ખર્ચે કેન્સર વિભાગને સારવારના અત્યાધુનિક સાધનો પુરા પાડવામાં આવશે. તેમણે કહ્યુંકે, નાણાંના અભાવે કોઇ ગરીબ દરદી આરોગ્યલક્ષી સેવાથી વંચિત ન રહી જાય તે માટે સરકારે સંપૂર્ણ કાળજી લીધી છે. પટેલે જણાવ્યું કે, ગુજરાત સમગ્ર દેશમાં તમામ ક્ષેત્રોમાં અગ્રેસર રહ્યું છે. સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર સાથે ગુજરાત સતત વિકાસ કરી રહ્યું છે. ગરીબોને આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવા બદલ તેમણે રાજેન્દ્ર ત્રિવેદી ફેન કલબના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું કે, રાવપુરા વિધાનસભામાં ૧૦,૪૦૦ જેટલા લાભાર્થીઓને કાર્યકરોના અથાગ પરિશ્રમથી મા કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે, જેનો સમગ્ર યશ કાર્યકરોના ફાળે જાય છે. એક જ વિધાનસભામાં સમગ્ર રાજ્યમાં સૌથી વધુ મા કાર્ડ આપવાનો આ વિક્રમ છે, તેમ તેમણે ઉમેર્યું હતુ. તેમણે જણાવ્યું કે રાવપુરા વિધાનસભા વિસ્તારમાં વિવિધ જન સુખાકારી અને જનસુવિધાના ૧૨૦ વિકાસના કામો શરૂ કરવામાં આવ્યા છે. વોર્ડ નં. ૧૬ના ઝુપડપટ્ટી વિસ્તારમાં પેવર બ્લોકનું કામ પૂર્ણ કરી વડાપ્રધાનના સ્વચ્છતાના મંત્રને સિદ્ધ કર્યો છે. પ્રદેશ ભાજપા અધ્યક્ષ જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુંકે, રાજેન્દ્રભાઇ ત્રિવેદી ફેન કલબે ગરીબોના આરોગ્યની ચિંતા કરી પંડિત દીનદયાળજીની અંત્યોદયની ભાવનાને હકીકતમાં મૂર્તિમંત કરી છે. એકાત્મ માનવતાવાદના પ્રણેતા પંડિત દીનદયાળજીના સ્વપનોને સાચા અર્થમાં સૌના સાથ, સૌના વિકાસ મંત્ર સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સેવા-સમર્પણભાવ સાથે સાકાર કરી રહ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતુ. આ અવસરે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ તથા મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને મા કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતુ. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની તસવીર સમક્ષ પુષ્પાંજલિ અર્પી હતી. આ પ્રસંગે મેયર ડો. જીગીષાબેન શેઠ, ધારાસભ્યો યોગેશ પટેલ, જીતુભાઇ સુખડિયા, મનીષાબેન વકીલ, સીમાબેન મોહિલે, પદાધિકારીઓ, નગરસેવકો, મ્યુ. કમિશનર અજય ભાદુ, કલેક્ટર શાલિની અગ્રવાલ, ડીડીઓ કિરણ ઝવેરી સહિત વિશાળ સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

તાલુકા અને જીલ્લા પોલીસના

જુગારધામ પર દરોડા : રૂા.૨૭ હજારનાં મુદ્દામાલ સાથે ૧૦ની ધરપકડ

વડોદરા, તા.૧૨

વડોદરા તાલુકા પોલીસે બે સ્થળોએ બાતમીના આધારે જુગાર સ્થળોએ છાપા મારી કુલ રૂા.૨૭ હજાર ઉપરાંતનો જુગારનો મુદ્દામાલ કબ્જે કરી ૧૦ શખ્સોની ધરપકડ કરી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર વડોદરા તાલુકાના સિંઘરોટ ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં ગેરકાયદે જુગાર રમાતો હોવાની બાતમી તાલુકા પોલીસને મળી હતી.

જેના આધારે પોલીસે સિંઘરોટ કૃષ્ણાપુરા છાપો માર્યો હતો. અને જુગાર રમતા દીલીપ નિઝામાં, રાજુ માળી, શૈલેષ મહિડા, શંકર નિઝામા તથા ઠાકોર માળીને ઝડપી પાડયા હતા. અને તેમના જુગાર સ્થળેથી કુલ રૂા.૧૬૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તમામ વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા બનાવની પ્રાપ્ત વિગતોનુસાર કરજણના જુની જરથરડી નવીનગરી પાછળ કેનાલની ખુલ્લી જગ્યામાં કેટળાક શખ્સો દ્વારા જુગાર રમાય રહયો હોવાની બાતમી કરજણ પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે રેઈડ કરી યુસુફ મલેક, રમણ વસાવા, સુરેશ વસાવા, રમણ વસાવા, તથા અક્ષિત વસાવાને ઝડપી પાડયા હતા. પોલીસે જુગાર સ્થળેથી કુલ રૂા.૧૧.૪૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઓએલએકસ પરથી કાર ખરીદવાનું વેપારીને ભારે પડયું : રૂા.૧.૫૮ લાખ ગુમાવ્યા

વડોદરા, તા.૧૨

ઓએલ એકસ પર પોતાની વૈભવી કાર વેચાણ માટે મુકી કાર ખરીદનાર ગાંધીનગર જીલ્લાના માણસા ગામ પાસે કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા શખ્સ પાસે રૂા.૧.૪૪ લાખ તથા રૂા. ૧૦ હજારની કિંમતનો મોબાઈલ લઈ કુલ રૂા.૧૦ હજારની કિંમતનો મોબાઈલ ભેજાબાજ ફરાર થઈ થતાં વિશ્વાસઘાત તથા છેતરપીંડીનો ગુનો ગોત્રી પોલીસ મથકે નોંધાયો હતો.પોલીસ સુત્રોના જણાવ્યાનુસાર નિખિલ ભાટીયા (રહે. દિલ્હી લાજપતનગર)એ ઓએલએકસ પર પોતાની સ્કોડા ફાબીયા કારને વેચાણ માટે મોબાઈલ નંબરના સંપર્ક સાતે મુકી હતી. જેથી ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા માણસા ખાતે બસ સ્ટેન્ડ પાસે મહાવીર કોમ્પ્લેક્ષમાં તુલસી કંગન સ્ટોર નામની દુકાન ધરાવતા વેપારી સંજયકુમાર વાપારાણીએ ઈન્ટરસ્ટ બતાવી તેમને નિખિલ ભાટીયાનો સંપર્ક કર્યો હતો. નિખિલે સંજયકુમારને કારની ડીલ નકકી કરવા વડોદરા અલકાપુરી રોડ પર આવેલ શવશાંતિ હોટલમાં બોલાવ્યા હતા.

બન્ને પાર્ટી હોટલમાં ભેગા થયા બાદ કાર જોઈને રૂા.૧.૪૪ લાખની રકમ નકકી થઈ હતી. જે રકમ નિખિલ ભાટીયાને સંજયકુમારે આપ્યા હતા. નિખિલ ભાટીયાએ વેચાણ કરાર કરવાના બહાને સંજયકુમારના કિંમત મોબાઈલ ફોન પર વાતો કરતા કરતા હોટલની લીફટમાં ઉતરી રૂા.૧.૪૪ લાખ તથા રૂા.૧૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન લઈને નિખિલ ભાટીયા રફુચકર થઈ જતા સંજયકુમાર પોતે છેતરાયાઅનો અનુભવ થતા તેમને ગોત્રી પોલીસ મથકે નિખિલ ભાટીયા વિરૂધ્ધ મોબાઈલ નંબર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી.

લોફેકલ્ટીમાં વિવિધ માંગણી મુદ્દે વિદ્યાર્થીઓનો સુત્રોચ્ચાર

વડોદરા, તા.૧૨

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના લો ફેકલ્ટીમાં ઉપસ્થિત થયેલા વિવિધ પ્રશ્નો મામલે એફજીએસ સિધ્ધર્થા રેલન અને એફઆર પાર્થ સુરતીની આગેવાનીમાં વિદ્યાર્થીઓએ દેખાવો યોજયા હતા.

વિદ્યાર્થીઓએ ફેકલ્ટીમાં નિયમીત ડિનની નિમણુંક કરવામાં આવે તેવી માંગ કરી હતી. ઈન્ટરશીપ રિપોર્ટ મામલે બનાવી કામગીરી નેશનલ યુથ સેનટ મામલે જુઠાણા ફેકલ્ટીનો સમય સવારે ૯થી બપોરે ૧.૩૦ સુધીનો કરવા, ઈમ્ફ્રાસ્ટકચરના બાંધકામમાં વેડફાતા સનમ વિદ્યાર્થીઓને સમયસર પરિણામ નહી મળવા વીસીનો વિદ્યાર્થીઓ સાથેના અયોગ્ય વ્યવહારના મુદ્દે આજે કલાસનો બહિષ્કાર કર્યો હતો. તેમજ વિદ્યાર્થીઓએ ફેકલ્ટી બહાર એકઠા થઈ સુત્રોચ્ચાર કર્યા હતા.

નટુભાઈ સર્કલ પાસે થયેલી ચોરીમાં કામવાળી બાઈ પર શંકા

વિવિધ વિસ્તારોમાં અલગ-અલગ ત્રણ મકાનોમાંથી રૂા.૪.૬૩ લાખની ચોરી

વડોદરા, તા.૧૨

શહેરમાં વિવિધ સ્થળે તસ્કરોએ તરખાટ મચાવતા અલગ અલગ ત્રણ જગ્યાએથી રૂા.૪.૬૩ લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જોકે આ બનાવ પૈકી એક કિસ્સામાં ઘરમાં કામ કરતી નોકરાણી પર શંકા વ્યકત કરતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.ડભોઈ-વાઘોડીયા રીંગરોડ પર સ્વામીનારાયણ ગુરૂકુળ ચાર રસ્તા પાસે આવેલ દેવાપીશ ડઉપ્લેકસમાં દક્ષેસ પ્રભુદાસ પટેલ ગત તા.૮ના રોજ પરિવાર સાથે સોમનાથના પ્રવાસે ગયેલ હતા. દરમિયાન ગઈકાલે સવારે પાડોશમાં રહેતા રીયાબેને ફોન કરી તેમના મકાનની જાળીનું લોક તુટેલ છે અને ચોરી થયેલ છે તેમ જણાવ્યું હતું જેથી તેઓ ગત મોડીરાત્રે વડોદરા પરત ફર્યા હતા. જેમાં ઘરમાંથી ત્રણ નંગ સોનાની ચેઈન, સોનાની ફેન્સી માળા, કંદોરા-પાયલ તથા રોકડા રૂા.૩૫ હજાર મળી કુલ રૂપિયા ૨.૨૨,૫૦૦ની મત્તાની ચોરી થઈ હોવાનો બનાવ પોણીગેટ પોલીસ મથકે નોંધાયો હતો.બીજા બનાવમાં દશરથ ગામની રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતા અને ખાનગી કંન્સ્ટ્રકશન કંપનીમાં નોકરી કરતા રાજેશ નારાયણભાઈ સોલંકી પરિવારના સભ્યો સાથે લગ્નપ્રસંગમાં ગયા હતા. દરમિયાન મકાનના પાછળના દરવાજાની સ્ટોપરને તોડી બેડરૂમના તિજોરીના લોકરમાંથી સોના ચાંદીના દાગીના સિકકા તથા રોકડા રૂા.૧૦ હજાર, બે મોબાઈલ મળી કુલ રૂા.૯૪,૩૦૦ની માલમત્તાની ચોરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા. જે બનાવ મામલે છાણી પોલીસ મથકે ગુનો દાખલ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.ત્રીજા બનાવમાં નટુભાઈ પાસે આવેલ વૃન્દાવન એસ્ટેટમાં રહેતા સ્વાતીબેન નિખીલભાઈ દેસાઈએ પોલીસ ફરિયાદ કરતા જણાવ્યું હતું કે, ઘરના પહેલા માળે આવેલ બેડરૂમમાં કામ કરતી બાઈ નિયમીત ઝાડુ પોતુ કરવા આવતી હતી. આ દરમિયાન કામવાળી બાઈએ ડ્રોઅરમાંથી સોનાની વસ્તુઓ કુલ કિંમત રૂા.૧.૪૮ લાખ ચોરી ગઈ હતી. જે બનાવ મામલે ગોત્રી પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં અધુરા માસે મૃત બાળકને જન્મ આપનાર જનેતાનું મોત

વડોદરા, તા.૧૨

અધુરા માસે યુવતીને પ્રસુતીની પીડા ઉપડતા તેણીએ મૃત બાળકને જન્મ આપ્યા બાદ માતાની પણ તબીયત ગંભીર બનતાં સારવાર માટપ દાહોદથી અત્રેની સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવતાં રસ્તામાં માતાનું પણ મૃત્યું થયું હતું. ફરજ પરનાં તબીબે યુવતીને મૃત જાહેર કરતાં સયાજી હોસ્પિટલ ખાતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની પ્રાપ્ત વિગત અનુસાર મધ્યપ્રદેશના અલીરાજપુર મહિન્દ્રા ગામે રહેતી વનિતા દિલીપભાઈ સંઘાણીયા (ઉ.વ.૨૧)ના લગ્ન એક વર્ષ અગાઉ જ થયા હતા. સાસરે રહેતી વનિતા પ્રથમવાર ગર્ભવતી બની હતી તેને આઠમો મહિનો ચાલતો હોય એકાએક પ્રસુતીની પીડા શરૂ થઈ હતી. જેથી પતી દિલીપ તથા સાસરીવાળા તેણીને સારવાર માટે દાહોદ ખાતે આવેલી ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં વનિતાએ અધુરા આઠમાં માસે બાળકને જન્મ આપ્યો હતો. જોકે બાળક મૃત હાલતમાં જન્મતા માતા વનિતાની પણ હાલત નાજુક બની હતી. જેથી ઝાયડસ હોસ્પિટલમાંથી તબીબો વધુ અને સઘન સારવાર માટે તેણીને વડોદરા સયાજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી.

સાંજના સમયે ઘરની બહાર બેઠેલા વૃધ્ધાની સોનાની ચેઈનની લૂંટ

વડોદરા, તા.૧૨

કારેલીબાગ વીઆઈપી રોડ સ્થિત બ્રહ્માંડનગર સોસાયટી ખાતે રહેતી વૃધ્ધાને સરનામુ પુછવાના બહાને ગળામાં હાથ નાંખી એક તોલાની સોનાની ચેઈન લૂંટી અજાણ્યા બે ઈસમો ફરાર થઈ ગયા હતા. મહિલાની તબીયત નાદુરસ્ત હોવાના કારણે ઘટના બન્યા બાદ એક મહિના પછી તેને પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.

કારેલીબાગ વીઆઈપી રોડ ખાતે આવેલ બ્રહ્માંડનગર સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય પ્રભાવતીબેન પ્રમોદભાઈ પ્રજાપતિ તા.૪જાન્યુઆરીના રોજ સાંજે પાડોશમાં રહેતા સોભનાબેન સાથે ઘરની બહાર રોડ પર બેઠા હતા. તે દરમ્યાન આશરે ૩૦ વર્ષની ઉંમરનો એક અજાણ્યા ઈસમ તેમની પાસે આવ્યો હતો. અને સ્ટેમ્પવાળા ભાઈ કયા રહે છે. તેવી પુછપરછ કરી હતી.

આ દરમ્યાન તેનો અન્ય એક સાગરીત દુર વાહન પર ઉભો રહયો હતો.

સરનામુ પુછવાના બહાને આવેલ ઈસમે અચાનક પ્રભાવતીબેનના ગળામાં હાથ નાખી તેમને પહેરેલી એક તોલાની સોનાની ચેઈન ખેચીને દોડી ગયો હતો. અને દુર ઉભેલા એકટીવા ચાલક પાસે જઈને બન્ને નવરંગ હોસ્પિટલ તરફ નાસી છૂટેલા હતાં. મહિલાની રૂપિયા ૨૦ હજારની સોનાની ચેઈનની લૂટ મામલે તેમને બે ઈસમો વિરૂધ્ધ કારેલીબાગ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

Overseas Synthetics Limited

CIN : L24200GJ1992PLC017316

Regd. Off. : Block No. 355, Manjusar Kumpad Road, Village - Manjusar, Taluka - Savli, Dist. Vadodara - 391 775. TEL. NO. 0265 2981195, FAX NO. 2983754

Email:overseassltd@gmail.com • Website : www.overseassynthetics.com

Extract of Standalone Un-audited Financial Results for the Quarter & Nine month Ended 31st December, 2018

(Rs. In Lacs)

Particulars	Quarter ended	Nine Months Ended	Corresponding Quarter Ended
	31.12.2018	31.12.2018	31.03.2018
Total income from operations (Net)	0.00	171.36	7.50
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	(0.05)	1.64	6.64
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	(0.05)	1.64	6.64
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	(0.05)	1.64	6.64
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(0.05)	1.64	6.64
Equity Share Capital	710.47	710.47	710.47
Earning per share (of Rs. 10/- each) (for continuing and discounted operations)			
Basic:	(0.001)	0.023	0.093
Diluted:	(0.001)	0.023	0.093

Note: The above is an extract of the detailed format of Quarterly & Half Yearly Standalone Unaudite Financial Results filed with the stock exchange under Reg. 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly & Half Yearly Unaudited Financial Results are available on the Stock Exchange websites (www.bseindia.com).

By order of the Board
For Overseas Synthetics Limited
Sd/-
Mr. Kamal Aggarwal
Managing Director

Place : Vadodara
Date : 12-02-2019

મિશન સ્વચ્છ વડોદરા
વડોદરા મહાનગર પાલિકા
www.vmc.gov.in
સુધારો

PRO No.-૯૧૦/૧૮-૧૯ થી પ્રસિધ્ધ થયેલ પૂર્વઝોનનાં વિવિધ કામોના ટેન્ડરની જાહેરાતમાં અનુક્રમ નં.૩નાં કામની જરૂરી વિગતોમાં શરતચૂકથી ભૂલ થયેલ છે.તેથી તે રદ કરવામાં આવે છે. બાકીનાં ભાવપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫-૦૨-૧૯ રહેશે.

પી.આર.ઓ.નં:-૯૨૯/૨૦૧૮-૧૯ કાર્યપાલક ઇજનેર(પૂર્વઝોન)

વડોદરા મહાનગર પાલિકા
www.vmc.gov.in
પાણી અંગેની અગત્યની જાહેરાત

વડોદરા મહાનગર પાલિકા માં SCADA આધારીત સ્માર્ટ વોટર મેનેજમેન્ટ કરવાની કામગીરી અંતર્ગત તા.૧૫.૦૨.૨૦૧૯ ના રોજ સરદાર એસ્ટેટ ચાર રસ્તા અને મઇન બેલેન્સીંગ રીઝર્વાયર ખાતે આજવા ફીડર નળિકા ઉપર ફ્લોમીટર બેસાડવાની કામગીરી કરવાની હોવાથી નાલંદા ટાંકી, ગાજરાવાડી ટાંકી, પાણીગેટ ટાંકી, બાપોદ ટાંકી, કપુરાઇ ટાંકી, તરસાલી ટાંકી, માંજલપુર ટાંકી, GIDC ટાંકી, મકરપુરા એર ફોર્સ બૂસ્ટર તથા સદર તમામના સંલગ્ન બૂસ્ટરોના કમાન્ડ વિસ્તારોમા તા.૧૫.૦૨.૨૦૧૯ ના રોજ સાંજના ઝોનમા પાણી વિતરણ કરવામાં આવશે નહી. ઉપરાંત સદર ટાંકીઓના કમાન્ડ વિસ્તારો ખાતે તા.૧૬.૦૨.૨૦૧૯ના રોજ સવારના ઝોનમા હળવા દબાણથી અને ઓછા સમય માટે પાણી વિતરણ કરવામા આવશે અને જામ્બુવા ટાંકી, દંતેશ્વર બૂસ્ટર, મકરપુરા બૂસ્ટર ખાતેથી પાણી વિતરણ કરવામાં આવશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવા, તેમજ જરૂરી પાણીનો સંગ્રહ કરવા અને સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. ૯૨૮/૧૮-૧૯ કાર્યપાલક ઇજનેર (પા.પુ.વિતરણ)

DIAMINES AND CHEMICALS LIMITED

Diamines Quality driven

CIN NO: L24110GJ1976PLC002905

Regd. Office: Plot No.13, PCC Area, P.O.Petrochemicals, Vadodara - 391346, Gujarat
Tel.: 0265-3920200, **Fax:** 0265-2230218, **Web:** www.dacl.co.in | **E-mail ID:** secretarial@dacl.co.in

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTH ENDED DECEMBER 31, 2018

(₹ in lakhs, except EPS)

Sr. No.	Particulars	Quarter Ended			Nine Month Ended	
		Dec 31, 2018 (Unaudited)	Sept 30, 2018 (Unaudited)	Dec 31, 2017 (Unaudited)	Dec 31, 2018 (Unaudited)	Dec 31, 2017 (Unaudited)
1	Total Income from Operations	928.73	1136.28	975.44	3,629.98	3,000.10
2	Net Profit for the period before Tax and Exceptional Items	262.04	415.76	256.58	1,393.55	725.56
3	Net Profit for the period before tax and after Exceptional Items	262.04	415.76	256.58	1,393.55	573.04
4	Net Profit for the period after tax and Exceptional Items	166.28	332.50	178.40	1,030.58	482.04
5	Total Comprehensive Income for the period	163.04	317.95	170.37	995.98	479.87
6	Equity Share Capital	978.32	978.32	978.32	978.32	978.32
7	Earning Per Share of ₹10/- each (not annualised)					
	(a) Basic	1.70	3.40	1.82	10.53	4.93
	(b) Diluted	1.70	3.40	1.82	10.53	4.93

Notes:
1 The above unaudited financial results have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (as amended) prescribed under Section 133 of the Companies Act, 2013.
2 The above Unaudited Financial Results have been reviewed and recommended by the Audit Committee and taken on record in its meeting held on February 11, 2019 and subsequently approved by the Board of Directors in its meeting held on February 12, 2019.
3 The Financial Results for the nine month ended December 31, 2018, have been reviewed by Statutory Auditors as required under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
4 After applicability of Goods and Service Tax (GST) w.e.f July 01, 2017, sales are required to be disclosed net of GST. Accordingly, the figures of revenue from operations for the Nine Month ended December 31, 2018 are not comparable with the corresponding figures for the period ended December 31, 2017 and for the year ended March 31, 2018.
5 The company has identified two reportable primary segments viz, Speciality Chemicals and Power Generation.
6 Exceptional item for the period ended December 31, 2017 and for the year ended March 31, 2018 represents loss on surrender of plot of land to Gujarat Industrial Development Corporation (GIDC).
7 Figures of the previous periods have been re-grouped /re-arranged wherever necessary.

By order of the Board of Directors
For Diamines and Chemicals Limited
Yogesh Kothari
Chairman
DIN : 00010015

Place : Vadodara
Dated : February 12, 2019

tej-219

INEOS STYROLUTION
Driving Success. Together.

INEOS STYROLUTION INDIA LIMITED

Registered Office : 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura,Vadodara – 390 023, Gujarat, India
Corporate identity number **(CIN)**: L25200GJ1973PLC002436
Tel.: +91 265 2303201,2303202; **Fax:** +91 265 2303203
E Mail : INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2018

(INR in Lakhs except EPS)

Sr No	Particulars	Quarter ended on Dec. 31, 2018	Quarter ended on Sep. 30, 2018	Quarter ended on Dec. 31, 2017	For the year ended on March 31, 2018
1	Total Income from Operations	44,552.46	56,836.80	45,304.10	195,068.55
2	Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items)	(3,546.45)	1,072.79	2,283.35	10,313.10
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional items)	(3,546.45)	1,072.79	2,283.35	10,313.10
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional items)	(2,276.79)	701.37	1,430.78	6,622.54
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	(2,289.32)	704.85	1,508.06	6,593.60
6	Equity Share Capital	1,758.56	1,758.56	1,758.56	1,758.56
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year				62,693.23
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	(12.95)	3.99	8.14	37.66

Notes:
(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on February 12, 2019. The audit report does not contain any qualification by the statutory auditors.
(2) The above extract of the detailed format of the financial results for the quarter and year ended on December 31, 2018 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchnage websites (www.bseindia.com/www.nseindia.com) and company's website www.ineosstyrolutionindia.com.)

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place : Vadodara
Date : February 12, 2019